# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સેમિ-કન્ડક્ટર, ગ્રીન ગ્રૉથ સહિતના ક્ષેત્રમાં લીડ લેવા ગુજરાત સજ્જ.**
2. **માધવપુર ઘેડ મેળાની ઉજવણીના ભાગરૂપે આજથી રાજ્યના અનેક જિલ્લાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.**
3. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બાળકોને તેમના જન્મદિવસે એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો.**
4. **રાજ્યમાં આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર માં કેટલીક જગ્યાએ હળવા વરસાદની આગાહી.**
5. **સાબરકાંઠાના ખેલાડી અજયસિંહ ચુડાસમાની જર્મનીમાં યોજાનારી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ માટે પસંદગી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM BHOPAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સેમિ-કન્ડક્ટર , ગ્રીન ગ્રોથ સહિતના ક્ષેત્રમાં લીડ લેવા ગુજરાત સજ્જ હોવાનું જણાવ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં ગઈકાલે 'સદાકાળ ગુજરાત' કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે કહ્યું, ગુજરાત હવે સર્વાંગી વિકાસનો પર્યાય બની ગયો છે. આજે વિશ્વની ટોપ 500-માંથી 100 કંપની ગુજરાતમાં કાર્યરત્ હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

**(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

આ પ્રસંગે સંબોધન કરતા બિન-નિવાસી ભારતીય ગુજરાતી પ્રભાગના મંત્રી હર્ષ સંઘવીએ રાજ્ય સરકારની સહાય અને યુવાનોને ગુજરાત દર્શન માટેના વતન પ્રવાસની યોજનાની વિગત આપી હતી.

**(બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)**

ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમનો હેતુ અન્ય રાજ્યોમાં વસતા મૂળ ગુજરાતના પરિવારો અને લોકોનો ગુજરાત સાથે ગુજરાતના વિકાસ સાથે સંબંધસેતુ વધુ ગાઢ બનાવવાનો છે. આ પ્રસંગે શ્રી પટેલ અને શ્રી સંઘવીએ ગુજરાતી ફૂડ ફેસ્ટિવલનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

---

# MADHAVPUR MELO PROGRAM

પોરબંદરના માધવપુર ખાતે આગામી છ-થી નવ એપ્રિલ સુધી માધવપુર ઘેડ મેળો યોજાશે. આ વખતે સમગ્ર રાજ્યમાં મેળાની ઉજવણી કરાશે. તેના ભાગરૂપે

અમદાવાદ, વડોદરા, સુરત અને સોમનાથ ખાતે આજથી સાંસ્કૃતિક કાર્યક્રમોનો પ્રારંભ થશે. સત્તાવાર યાદી મુજબ, આજે સુરતના ઇન્ડૉર સ્ટેડિયમમાં, આવતીકાલે વડોદરામાં, ગુરૂવારે અમદાવાદમાં અને શનિવારે સોમનાથ મંદિરમાં આ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે , માધવપુર ઘેડ મેળામાં ગુજરાત સહિત ઉત્તર-પૂર્વના અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝૉરમ, મેઘાલય, સિક્કીમ, નાગાલેંન્ડ અને ત્રિપુરા એમ આઠ રાજ્ય ભાગ લેશે. મેળાનો ઉદ્દેશ દેશના તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ વચ્ચેના ગાઢ અને સુવ્યવસ્થિત જોડાણ દ્વારા ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

---

# RAJYAPAL SCOUT AND GUIDE

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બાળકોને તેમના જન્મદિવસે અને માતા-પિતાની લગ્નની તિથિએ એક વૃક્ષ વાવવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો છે. શ્રી દેવવ્રતે પૃથ્વીની સપાટી પર વધતા તાપમાન - ગ્લૉબલ વૉર્મિંગ અંગે માહિતગાર કરી બાળકોને પર્યાવરણની માવજત કરવાનું મહત્વ પણ સમજાવ્યું હતું.

ગાંધીનગરના રાજભવન ખાતે ગઈકાલે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘ યોજાયેલા રાજ્ય પુરસ્કાર અર્પણ સમારોહમાં શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું. સમારોહમાં શ્રી દેવવ્રતના હસ્તે વર્ષ 2023-24ના એક હજાર 568 બાળકો અને વર્ષ 2024-25ના એક હજાર 611 બાળકોને રાજ્ય પુરસ્કાર અર્પણ કરાયા હતા.

---

# KHET TALAWADI

બનાસકાંઠામાં આજે એકસાથે 51 ખેત તલાવડીઓનું ખાતમુ હૂર્ત કરાશે. ધાનેરા તાલુકા ના ભાટીબ ખાતે યોજાનારા આ ખાતમુહૂર્તમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેશે.

ખેત તલાવડી ખેડૂતો માટે અસરકારક પાણી સંરક્ષણ પદ્ધતિ છે. તેના નિર્માણથી વરસાદી પાણી સંગ્રહ , સિંચાઈ, પર્યાવરણનું સંરક્ષણ , ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ તથા પશુ-પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરાશે.

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં ભૂગર્ભ જળ ઊંચા આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા વરસાદી પાણી બચાવવા વિશેષ અભિયાન હાથ ધરાયું છે.

---

# ONLINE REGISTRATION

પંચમહાલ જિલ્લામાં લઘુત્તમ ટેકાના ભાવે મકાઈ, બાજરી, જુવાર અને રાગીની ખરીદી માટે ઓનલાઇન નોંધણી પ્રક્રિયા આજથી શરૂ થશે . ખેડૂતો V.C.E મારફતે આજથી આગામી 30 એપ્રિલ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવી શકશે.

નોંધણી કરાવેલા ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણકરી અપાશે. ખરીદીના સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

---

# HIGHWAY TOLL TAX

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે , અમદાવાદ-વડોદરા વચ્ચે રાષ્ટ્રીય રાજમાર્ગ 48 , પાલનપુર રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવતા ટોલપ્લાઝા પર વેરો વધારવામાં આવ્યો છે, જે આજથી અમલી બનશે.

ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ- NHAI દ્વારા કરાયેલા ભાવ વધારા અંતર્ગત અમદાવાદ-વડોદરા વચ્ચેના એક્સપ્રેસ વે પર આજથી કાર અને જીપચાલકે 135ની જગ્યાએ 140 રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે બસ અને ટ્રકના ચાલકે 465 રૂપિયાની જગ્યાએ 480 રૂપિયા ચૂકવવા પડશે. આ ઉપરાંત વડોદરાથી આણંદના કારના 55 રૂપિયા, નડિયાદના 75 રૂપિયા આપવા પડશે.

---

# PLAIN CRASE

મહેસાણા ખાતે પાયલટની ટ્રેનિંગ આપી રહે લી એક કંપનીનું ટ્રેઇની વિમાન ક્રેશ થતાં મહિલા ટ્રેઇની પાયલટ ઇજાગ્રસ્ત થયાં છે.

મળતી માહિતી મુજબ , મહેસાણા ખાતે એક ખાનગી કંપનીના ટુ સિટર પ્લેનમાં મહિલા ટ્રેઈની પાયલટે ઉડાન ભરી તે દરમ્યાન અચાનક ઉચરપી ગામ નજીક દિવેલાના ખેતરમાં વિમાન પટકાયું હતું. હાલમાં ઈજાગ્રસ્ત પાયલટ ની હોસ્પિટલ દાખલ કરાયાં છે.

---

# WEATHER

હવામાન વિભાગે આજે પોરબંદર , ગીર સોમનાથ અને દીવમાં હિટવેવ-ગરમીનું મોજું ફરી વળવાની આગાહી સાથે યલો અલર્ટ જાહેર કર્યું છે. દરમિયાન આગામી પાંચ દિવસ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે. જ્યારે આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની પણ શક્યતા છે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

## (બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

દરમિયાન છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન મહુવામાં નોંધાયું. જ્યારે સુરેન્દ્રનગર અને રાજકોટમાં 41 ડિગ્રી , પોરબંદર અને કેશોદમાં 40 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

---

# WORLD UNIVERSITY GAME

સાબરકાંઠાના પ્રાંતિજના ખેલાડી અજયસિંહ ચુડાસમાની જર્મનીમાં યોજાનારી વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સ માટે પસંદગી થઈ છે. મળતી માહિતી મુજબ , હાલમાં આ

ખેલાડી પાટણની શ્રીમતી એમ. સી. દેસાઈ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ભણે છે. પંજાબના અમૃતસરની ગુરુનાનક દેવ યુનિવર્સિટીમાં 29 માર્ચે યોજાયેલી ટ્રાયલ ગેમમાં અજયસિંહ ચુડાસમાએ સારું પ્રદર્શન કર્યું હતું.

તેમણે ફોઈલ વ્યક્તિગત સ્પર્ધામાં કુલ ત્રણ મેચ જીતી. તેમજ સમગ્ર દેશમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કરી આ સિદ્ધિ મેળવી છે. તેમની પસંદગી બદલ યુનિવર્સિટી અને કૉલેજ દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

---

# NAVSARI SHERDI BHAV

સમગ્ર દક્ષિણ ગુજરાતની સુગર મિલોએ પીલાણ સિઝન 2024-25 માટે ગઈકાલે શેરડીનો ટનદીઠ ભાવ જાહેર કર્યો હતો. નવસારી અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે , એશિયાની સૌથી જૂની સુગર ફેક્ટરીઓમાંની એક અને જિલ્લાની એકમાત્ર એવી ગણદેવી સુગર ફેકટરીએ આ વખતે ત્રણ હજાર 551 રૂપિયા જાહેર કર્યા છે. જોકે , આ વર્ષે વધુ ભાવ આપનારી સુગર ફેક્ટરીઓમાં ગણદેવી સુગર ફેકટરી દક્ષિણ ગુજરાતમાં બીજા ક્રમે છે.

---